।। તમસો મા જ્યોતિર્ગમય ।।

# પુનરુત્થાન કાર્ય અને વિચાર સંદેશ

પુનરુત્થાન ટ્રસ્ટના વિચાર અને કાર્યના પ્રસાર માટેનું માસિક મુખપત્ર    છૂટક અંક રૂા. ૩/-

પ્રકાશન સ્થળ : પુનરુત્થાન ટ્રસ્ટ, 'જ્ઞાનમ' ૯/બી, આનંદપાર્ક, બળિયાકાકા માર્ગ, જૂનું ઢોરબજાર, કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૨૮

વર્ષ : ૧૦ • અંક : ૯ • ચૈત્ર, શક સંવત ૧૯૪૧ • યુગાબ્દ ૫૧૨૧ • એપ્રિલ ૨૦૧૯

સપ્રેમ નમસ્કાર.

શું તમે કદી ગંભીરતાપૂર્વક વિચાર કર્યો છે કે તમારાં પાંચ, સાત, દસ કે બાર વર્ષનાં બાળકોનું વજન કાં તો હોવું જોઈએ એનાથી ઓછું છે અથવા વધારે છે, એ જાડા હોય કે પાતળા એમની ભોજન પચાવવાની શક્તિ ઓછી છે, કાર્યશક્તિ ઓછી છે, તેઓ ભારે કામ તો કરી જ શકતાં નથી અને નાનું કામ કરવા માટે પણ એમને જરૂર કરતાં વધુ સમય લાગે છે. તમે જરા નિરીક્ષણ કરજો કે એમનો કેટલો સમય કે દિવસો દવા ખાધા વગર વીતે છે. આ પ્રકારની શારીરિક દુર્બળતા ચિંતાજનક છે. એની સાથે જ માનસિક દુર્બળતા પણ છે. એ સ્થિર બેસી શકતાં નથી, વિચાર કરી શકતાં નથી, એકાગ્ર થઈ શકતાં નથી, આકલન કરી શકતાં નથી. આ બે કારણોસર એમનો ચરિત્રવિકાસ થઈ શકતો નથી કારણ કે એ માટેની પ્રેરણા પણ તેઓ ગ્રહણ કરી શકતાં નથી. હવે તો સદ્‌ગુણ અને સદાચારની અપેક્ષા રાખવી પણ મુશ્કેલ બની ગયું છે. જીવનમાં કોઈ સિદ્ધાંત, કોઈ લક્ષ્ય, કોઈ મૂલ્યો હોય છે એની તો એમને જાણ પણ નથી હોતી કે ભાન પણ નથી હોતું.

એમની આ સ્થિતિનાં કારણો કયાં છે ? પહેલું કારણ છે એમનો અયોગ્ય આહાર. જે ખાવું જોઈએ એ તેઓ ખાતાં નથી અને જે ન ખાવું જોઈએ એની તેઓ જિદ કરે છે. ઘરમાં કે બજારમાં એમને પૌષ્ટિક કે શુદ્ધ આહાર મળતો નથી. બજારમાં શુદ્ધ સામગ્રી મળતી નથી. શું ખાવું, કેટલું ખાવું, કેવી રીતે ખાવું, ક્યારે ખાવું, શા માટે ખાવું, એનું જ્ઞાન અને ભાન ખાનારાને હોતું નથી અને ઘરમાં, વિદ્યાલયમાં કે અન્ય કોઈ ઠેકાણે એ શીખવનારું પણ કોઈ નથી. ખવડાવનારને પણ એની કોઈ સુધસાન નથી.

બાળકોને ચરિત્રવાન કેવી રીતે બનાવવાં એનો વિચાર કરવાનું માતાપિતાએ છોડી દીધું છે. એ સ્થિતિમાં બાલ, કિશોર, યુવાન બધાં જ દુષ્ચરિત્ર બને છે અને એમનો બનેલો સમાજ પણ અસંસ્કારી જ બને છે. આપણી નવી પેઢીનો પ્રવાસ અસંસ્કારીતાની, દુર્બળતાની દિશામાં જ થઈ રહ્યો છે.

સ્થિતિ ચિંતાજનક છે. તો એનો ઉપાય શું છે ?

માતાપિતાઓને કરબદ્ધ પ્રાર્થના છે કે -

- બાળકોને પ્લાસ્ટિકની બોટલ કે ડબ્બામાં ખાવા પીવા નઆપે.પ્લાસ્ટિક સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે. એ જ રીતે એલ્યુમિનિયમનો ઉપયોગ પણ ન કરે.
- ભોજન બનાવતી વખતે પ્રેશરકૂકર, મિક્સર, ગ્રાઈન્ડર, માઈક્રોવેવ, ફ્રીઝ વગેરેનો સુવિધાને નામે આપણે ઉપયોગ કરીએ તો છીએ, પરંતુ એ બધાં સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે એ ભૂલી જઈએ છીએ. સ્વાસ્થ્યના ભોગે સુવિધાની ઇચ્છા રાખવી એ બુદ્ધિમાની તો નથી જ.
- ડેરીનું દૂધ, ભેંસનું દૂધ, જર્સીનું દૂધ, દહી, છાશ, ઘી, માખણ વાસ્તવમાં વર્જિત હોવું જોઈએ. એ બધાંના માધ્યમથી આપણે કેવી છેતરામણીનો ભોગ બનીએ છીએ એ આપણે નથી જાણતા. જેમને પોતાનાં બાળકોની ચિંતા છે એ માતાપિતા આ વિશે જાણવાનો અવશ્ય પ્રયત્ન કરે અને પોતાનાં બાળકોને બચાવે.
- દેશી ગાયનું દૂધ, દહી, ઘી, છાશ, ગોમૂત્ર અને છાણ, છાણાં, એની રાખ આપણા રોજબરોજના ઉપયોગની વસ્તુઓ બનવી જોઈએ.
- બજારમાં મળનારું પેકિંગનું ભોજન, હોટેલનું ભોજન, વાસી ભોજન સદંતર બંધ કરવું જોઈએ. નાનપણથી જ એવી ટેવ પાડવાની જરૂર છે.
- પંદર વર્ષની વય સુધી બાળકને ખૂબ વિચાર કરવા દો, એમને એવી રમતો રમવા દો જેમાં માટીમાં રગદોળાવાનું હોય, દોડાદોડી અને ઉછળકૂદ કરવાની હોય, બૂમબરાડા પાડવાના હોય, ખૂબ હસવાનું હોય અને પરસેવો પાડવાનો હોય.

આ બધી બાબતોથી આપણે જ આપણાં બાળકોને વંચિત રાખીએ છીએ. આ એમનું અને એમની સાથે આપણું પણ દુર્ભાગ્ય છે. આપણે પોતે જ સાવધ થઈને પોતાને અને આપણાં બાળકોને પણ બચાવી શકીએ છીએ.

ઈતિ શુભમ્.

**સંપાદક**

## શિક્ષક અને શિષ્ય

મારા મતાનુસાર શિક્ષણનો અર્થ છે 'ગુરુગૃહવાસ'. શિક્ષક અર્થાત્ ગુરુના વ્યક્તિગત જીવન વિના કોઈ શિક્ષણ થઈ શકે નહીં. શિષ્યે બાલ્યાવસ્થાથી જ એ વ્યક્તિ (ગુરુ) સાથે રહેવું જોઈએ, જેમનું ચારિત્ર્ય જાજ્વલ્યમાન અગ્નિ જેવું હોય, જેને લીધે ઉચ્ચતમ શિક્ષણનો સજીવ આદર્શ શિષ્ય સમક્ષ રહે. આપણા દેશમાં જ્ઞાનનું દાન હંમેશાં ત્યાગી પુરુષો દ્વારા જ થતું આવ્યું છે. જ્ઞાનદાનનો ભાર ફરીથી ત્યાગી વ્યક્તિઓના ખભે જ આવવો જોઈએ.

ગુરુ માટે બીજી આવશ્યક બાબત છે - નિષ્પાપ હોવું. ઘણી વાર એમ પૂછવામાં આવે છે કે 'આપણે ગુરુના ચારિત્ર્ય અને વ્યક્તિત્વ તરફ ધ્યાન જ શા માટે આપવું જોઈએ ?' પરંતુ એ યોગ્ય નથી. આપણાં અનેક આધ્યાત્મિક સત્યોની ઉપલબ્ધિ કરવાનો તથા અન્યોમાં એનો સંચાર કરવાનો એક માત્ર ઉપાય છે હૃદય અને મનની પવિત્રતા. ગુરુએ સંપૂર્ણપણે શુદ્ધચિત્ત હોવું જોઈએ. ત્યારે જ એના શબ્દોનું મૂલ્ય થશે. વાસ્તવમાં ગુરુનું કામ જ એ છે કે તેઓ શિષ્યની બુદ્ધિપ્રવૃત્તિ અથવા અન્ય કોઈ શક્તિને કેવળ ઉત્તેજિત કરવાને બદલે એની અંદર આધ્યાત્મિક શક્તિનો સંચાર કરી દે. એવો સ્પષ્ટ અનુભવ કરી શકાય છે કે ગુરુ પાસેથી શિષ્યમાં સાચે જ એક શક્તિ આવી રહી છે. એટલે ગુરુનું ચિત્ત શુદ્ધ હોવું જરૂરી છે.

ગુરુએ શિષ્યની પ્રવૃત્તિમાં પોતાની બધી શક્તિ લગાડવી જોઈએ. સાચી સહાનુભૂતિ વિના સારું શિક્ષણ ક્યારેય આપી શકાતું નથી.

(ભારતીય શિક્ષા ગ્રંથમાળા, ગ્રંથ ૪)

# ધર્મ અને સંસ્કૃતિ

## એક વિવેચન

લે. રંગા હરિ

**(ગતાંકથી આગળ)**

આથી ઉલટું સેમેટિક પંથીય યહૂદી, ઇસાઇ, ઇસ્લામી સમાજોમાં આ પ્રથાનો સંપૂર્ણ અભાવ છે. પહેલી વાત એટલે ત્યાં કોઈ સ્ત્રી દેવતા નથી. પુરુષોને જહોઆ, અલ્લાહ, ક્રિસ્ત, જીસસ નામ આપવાં તે દેવનિંદા મનાય છે. કોઇ અગર શ્રદ્ધાવશ પણ એવી ભૂલ કરે તો તેને સજા કરવામાં આવે છે. ઇતિહાસ આનો સાક્ષી છે. આશ્ચર્ય કહો કે વિડંબના કહો પણ અંગ્રેજીમાં નામકરણ માટે જ)જે શબ્દનો અર્થ થાય છે તે શબ્દ છે (Christening) ક્રિસ્તીકરણ. પરંતુ ઇસુનું નામ કોઇને અપાતું નથી. તેની પાછળના કારણનો વિચાર કરીએ.

ભારતમાં જન્મેલા બધા પંથોની આસ્થા છે કે નર નારાયણ બની શકે છે. તે માટે દરેક પંથની દાર્શનિક પદાવલી જુદી જુદી છે પરંતુ કલ્પના સમાન છે. અષ્ટાંગમાર્ગની સફળ સાધનાથી કોઇ પણ ભિખ્ખુ બુદ્ધ બની શકે છે, એવું પ્રત્યક્ષ ભગવાન બુદ્ધનું કથન છે. જૈન, વૈષ્ણવ, શિખ વગેરે બધા જ આને ધ્યેયનું પરમોચ્ચ શિખર માને છે. તે મંગલ મનોકામનાથી તે તે પંથોના અનુયાયીઓ પોતાના દેવતાઓનું નામ પોતાનાં સંતાનોને આપે છે અને ચરિતાર્થતા અને ગર્વનો અનુભવ કરે છે. સેમેટિક પંથીઓના વિચાર અને વિશ્વાસ જુદા છે. ત્યાં ઇશ્વર બનવાની વાત તો દૂર રહી ઇશ્વરને જોવો પણ અશક્ય છે. પસંદગી પામેલા પયગંબરને પણ ક્યારેય ઇશ્વરદર્શન થયું નથી. ગગનસ્થ સર્વશક્તિમાનને જોવો, તેને મળવું વગેરે તેમને માટે ક્યામત સુધી શક્ય નથી. એ પ્રકારનો મોહ રાખવો તે પણ અક્ષમ્ય પ્રકારની દેવનિંદા છે. આ આસ્થાથી પ્રેરિત નિષ્કર્ષ છે કે સંતાનોને દેવનું નામ આપવું તે દેવની અવમાનના છે. તેથી ઉદા. તરીકે આપણે કેરળના પ્રખ્યાત ગાયક યેશુદાસ તથા કલામંડલ હરિદાસને જોઇ શકીએ છીએ. પરંતુ ટુંકા નામથી જેમ હરિદાસને હરિ કહી બોલાવી શકાય છે તેમ યેશુદાસને યેશુ કહીને બોલાવી શકાતા નથી. વીસ પચીસ વર્ષ પહેલાં પૂર્વ પાકીસ્તાનના એક નિષ્ઠાવાન મુસલમાને પોતાના પુત્રનું નામ અલ્લાહ રાખ્યું. જાણકારી મળતાંની સાથે જ સરકારી અધિકારીઓએ પિતાને કઠોર સજા કરી અને તાત્કાલિક છોકરાનું નામ બદલાવી નાખ્યું. નામકરણ સંબંધિત હિંદુ સંસ્કૃતિની આ વિશેષતાને આપણે સમજવી પડશે.

### દેહાવસાન

ઉપર્યુક્ત નામકરણ પછીનો મુદ્દો છે દેહાવસાનનો. સેમેટિક અને ભારતીય અધ્યાત્મદર્શન બંને દેહાવસાન પછી આત્માની સદ્‌ગતિ બાબતે વિશ્વાસ ધરાવે છે પરંતુ તેની પ્રક્રિયા બાબતે બંનેની કલ્પનાઓ જુદી છે. સેમેટિક પંથો અનુસાર વિશ્વના અંતિમ દિવસે તેની સુનાવણી પ્રત્યક્ષ ખુદા દ્વારા થશે અને તે પછી નિર્ણયની જાહેરાત થશે. સુનાવણીના એ દિવસ સુધી મૃતકના આત્માને કબરમાં વિશ્રામ કરવો પડશે.

ભારતીય વિચાર આના કરતાં સાવ જુદો છે. ભારતોત્પન્ન બધાં પંથ સંપ્રદાયોનો વિચાર છે કે મનુષ્યના દેહાંત પછી તરત જ તેનાં કર્મો અનુસાર તેની ગતિનો નિર્ણય થઈ જાય છે. તેમાં ભગવાનની કોઇ ભૂમિકા નથી. ગીતામાં સ્પષ્ટ કહ્યું છે કે સર્વવ્યાપી પરમેશ્વર પણ કોઇનાં પાપકર્મને અને કોઇનાં શુભકર્મને ગ્રહણ કરતો નથી.

ना दत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः (૫-૧૫)

દેહાવસાન સાથે સંબંધિત આ બે જુદા જુદા વિચારો મૃત્યુનો ઉલ્લેખ કરતી વખતે બે જુદાં જુદાં સ્વરૂપે પ્રકટ થાય છે. ભારતની બધી ભાષાઓમાં મૃતકને સ્વર્ગવાસી, કૈલાસવાસી, દિવંગત, બ્રહ્મલીન વગેરે કહે છે. એવી આશા રાખવામાં આવે છે કે મૃતક પોતાનાં શુભકર્મોને કારણે કોઇ નાનામોટા અવરોધ વગર સ્વર્ગસ્થ થાઓ. તે માટે મરાઠી ભાષાના દેવાજ્ઞા ઝાલી અને બંગાળી પ્રયોગ ચરમધામ પ્રાપ્ત સર્વશ્રેષ્ઠ શબ્દપ્રયોગો છે. પરંતુ છેલ્લા દિવસની રાહ જોતા લોકોની ભાષામાં આવા શબ્દપ્રયોગો અકલ્પનીય છે અને કદાચ દેવનિંદા સમાન પણ છે. તેથી કોઇ બિશપ કે પાદરીનાં દેહાવસાન પછી ઇસાઇઓ તેને સ્વર્ગસ્થને બદલે કાલકવલિત(કાળનો કોળિયો)થએલો કહે છે.

### જવાનું નહીં આવવાનું

ઉપર દેવાજ્ઞાની વાત કરી છે. તેનું તાત્પર્ય મૃત્યુ અથવા દેહાવસાન. દેવાજ્ઞા થવા છતાં પણ લોકો મૃત્યુને પસંદ કરતાં નથી.મોટાભાગના લોકો તેનાથી ડરે છે. મૃત્યુનું નામ લેવું તેને લોકો અશુભ માને છે. તેથી તેને માટે બીજો શબ્દપ્રયોગ કરે છે. મંગલૂરની કોંકણી ભાષામાં મેલ્લો(મરી ગયો) માટે ગેલ્લો(ગયો) શબ્દનો ઉપયોગ કરે છે. હિંદીમાં પણ સામાન્ય રીતે વે નહીં રહે એમ જ કહે છે. સીધું મરી ગયા એમ કહેવું અસભ્ય મનાય છે. સમસ્ત ભારતમાં આવી જ પદ્ધતિ છે. શબ્દપ્રયોગની સભ્યતા સામાન્ય જીવનમાં પણ પ્રચલિત છે.

સાઇઠ-સીત્તેર વર્ષ પહેલાંની ઘટના. સંઘના પ્રચારક અમારા ઘેર અમને મળવા આવ્યા. બે-ત્રણ મહિનામાં તેમણે ૨૦-૨૫ મલયાળમ શબ્દો શીખી લીધા હતા. નાસ્તોપાણી કરીને નિકળતી વખતે તેમણે નાની તરફ જોઇ હાથ જોડીને મલયાલમમાં હું જાઉં ? એમ કહ્યું. તરત જ નાનીએ તેમને રોક્યા અને કહ્યું, આવું ન કહો, હું આવું ? એમ કહો. જવું શબ્દ સારો નથી. આપણે બધાં માત્ર એક જ વાર જઈએ છીએ.પ્રચારક બહુ મિલનસાર હતા અને સમજદાર પણ હતા. સીડી પર ઉભા રહી તેણે કહ્યું, નાની અમારી મરાઠીમાં પણ એમ જ કહે છે. એટલે અમે લોકો, ખાસ કરીને સંઘના લોકો ક્યારેય જતા નથી, હંમેશાં આવીએ છીએ. હું ફરી આવીશ. નાની પ્રસન્ન થઈ ગયાં.

નાનીનાં મુખે આપણી સંસ્કૃતિ બોલતી હતી. આખાં હિંદુસ્તાનમાં વિદાય માગતી વખતે જનારો માણસ ફિર મિલેંગે, ફિર આએંગે કહે છે. ગુજરાતીમાં આવજો અને મરાઠીમાં મી યેતો એમ કહે છે. ભારતનો અતિથિ ક્યારેય જતો નથી હંમેશાં આવે છે. જાતો કહેવામાં નાનીએ કહ્યું તેમ

અશુભ સંકેત છે. વિચાર અને કામનાઓ હંમેશાં શુભ સૂચક હોવી જોઇએ. અંગ્રેજીમાં બાય બાય કહી વિધિવશ આખરી ગુડ બાય ન થઈ જાય એ જ અહીંની સંસ્કૃતિની અપેક્ષા છે.

સંતવાણીમાં જવાનો સંકેત નિસ્સંકોચ આવે છે. પરંતુ તેનું તાત્પર્ય જુદું છે. જ્યારે તેમને દિવ્યદૃષ્ટિથી પોતાનાં ઐહિક જીવનનો અંત દેખાઈ જાય છે ત્યારે તેઓ ઇશ્વરલીન થવાની આતુરતાથી ગાય છે, હું મારે ઘેર(સ્વધામ) જાઉં છું. પરંતુ આપણા જેવા સામાન્ય માણસો માટે યોગ્ય શબ્દ આવું છું છે જાઉં છું નહીં. ભારતીય સંસ્કૃતિનો આ વિશેષ પાઠ છે.

### અમૃતપુત્ર

હિંદુ સંસ્કૃતિ નરનારીને પાપી, પાપસંભવ, પાપાત્મા નથી માનતી. અહીં સ્વામી વિવેકાનંદના ૧૦ સપ્ટેંબર ૧૮૯૩ના દિવસે ઉચ્ચારેલા શબ્દો સ્મરણીય છે. એક વૈદિક ઋષિએ વિશ્વની સામે ઉભા રહી, ઉચ્ચ સ્વરે આનંદસંદેશની ગર્જના કરી, હે અમૃતપુત્રો. સાંભળો, હે દિવ્યધામવાસી દેવગણ !! અમૃતનાં પુત્રો! કેવું મધુર અને આશા ઉત્પન્ન કરનારું આ સંબોધન છે. ! બંધુઓ! આ જ મધુર નામ અમૃતના અધિકારી શબ્દથી આપને સંબોધિત કરું એવી મને તમે અનુજ્ઞા આપો. નિશ્ચિતરૂપે હિંદુ તમને પાપી કહેવાનો અસ્વીકાર કરે છે. આપ તો ઇશ્વરનાં સંતાન છો, અમર આનંદના ભાગીદાર છો, પવિત્ર અને પૂર્ણ આત્મા છો. આપ આ મર્ત્યલોકના દેવ છો. આપ અને પાપી ? મનુષ્યને પાપી કહેવો એ જ પાપ છે. તે મનુષ્યસ્વરૂપ પરનું ઘોર લાંછન છે.

તે પછી એક દિવસ એક સત્સંગમાં કોઇ મહિલાએ સ્વામીજી સામે શંકા વ્યક્ત કરી, સ્વામીજી, શું આદમે આજ્ઞા ભંગનું પાપ નહોતું કર્યું ? તરત જ ઉત્તર મળ્યો, બહેન, યાદ કરો, ઇશ્વરે જ્યારે આદમને બનાવ્યો ત્યારે તે નિષ્પાપ નિરંજન હતો ને ? હિંદુ સંસ્કૃતિ મહિલાને પાપનો સ્રોત નથી માનતી. તે તો છે, 'सर्वमंगल मांगल्या'.

### આસેતુહિમાચલ

પ્રાચીનકાળથી આપણાં પૂર્વજોએ આ ભારતવર્ષને તેની બધી વિવિધતાઓ છતાં અખંડ ભૂખંડ માન્યો. તેને લીધે સંસ્કૃત ભાષામાં 'आसमुद्र समुद्रपर्यंताया एक राट्'ની પરિભાષા પ્રચલિત થઈ. તે જ ભાવ વિષ્ણુપુરાણમાં 'उत्तरं यत् समुद्रस्य हिमाद्रेश्चैव दक्षिणं, वर्षं तद् भारतं नाम भारती यत्र संतति' શ્લોકમાં પ્રકટ થયો. ભારતની અન્ય બધી જ ભાષાઓમાં ભારતની અખંડતા સંબંધિત આ ભાવના કહેવતો, રુઢિપ્રયોગો વગેરેનાં માધ્યમથી પ્રકટ થઈ અને જાણે તે આપણો સાંસ્કૃતિક વારસો બની ગઈ. તમિળમાં ઇમય મુદલ કુમારી વરૈ(હિમાલયથી કન્યાકુમારી સુધી) સદિઓથી પ્રચલિત વાક્યપ્રયોગ છે. ભાષાઓમાં આસેતુહિમાચલ, હિમત્સેતુ પર્યંતમ્ જેવા સુંદર સાહિત્યિક વાક્પ્રયોગો છે. સન ૧૯૬૨માં જ્યારે ચીનનું ભારત પર આક્રમણ થયું ત્યારે ભારતની બધી ભાષાઓમાં જે તે ભાષાના કવિઓએ આ પ્રયોગનો આધાર લઈ ભાવપૂર્ણ કવિતાઓની રચના કરી. સામાન્ય જનતાને લાગ્યું કે આ કવિઓ આપણાં જ હૃદયનાં ભાવોને અભિવ્યક્ત કરી રહ્યા છે. સમગ્ર ભારતનું વર્ણન એક માત્ર શ્લોકમાં સમાવીને માતૃલહરી નામક કવિતામાં કવિશ્રેષ્ઠ શ્રીધર વર્ણેકરે ગાયું,

रत्नाकराधौतपदां हिमालयकिरिटिनीं ।
विन्ध्यकांचिसरीमालां वंदे भारत मातरम् ।।

હિંદુ સંસ્કૃતિની અનેક વિશેષતાઓને જિજ્ઞાસુઓની સામે પ્રસ્તુત કરવાનો વિનમ્ર પ્રયાસ અહીં થયો છે. વિષય પૂરો થયો તેવો દાવો કરવો તે ધૃષ્ટતા ગણાશે. કારણ હિંદુ સંસ્કૃતિ એટલી પ્રાચીન છે કે તેના આદિ અને અંત શોધવા અશક્ય છે. આ તો યથામતિ દોરાએલું હિંદુ સંસ્કૃતિનું નાનકડું વિહંગમ ચિત્ર છે.

•

## ઉપસંહાર

છેલ્લે, ધર્મની જેમ જ સંસ્કૃતિ પણ માનવજાતિની વિશેષતા છે. તે નરની અંદર રહેલા વાનરને સંસ્કારિત કરી નરેન્દ્ર બનાવી દે છે. પ્રત્યેક દેશની જનતા તે દેશની સંસ્કૃતિને ઘડે છે. અતિ વિપુલા આ ધરતીમાં બહારની પરિસ્થિતિઓ પ્રકૃતિગત દરેક દેશની સંસ્કૃતિને જુદો આકાર આપે છે. તેથી ઉપરથી સંસ્કૃતિઓ જુદી દેખાય છે. પરંતુ વિશ્વની પ્રત્યેક વ્યક્તિની અંદર પ્રજ્વલિત માનવતા સંસ્કૃતિઓને એકાત્મ કરે છે. ઋગ્વેદની વાણી પ્રમાણે એક જ અગ્નિ અનેક પદ્ધતિથી પ્રદીપ્ત થાય છે. એક જ સૂર્ય બધામાં પ્રવિષ્ટ થઈ અનેક પ્રકારે પ્રકટ થાય છે.[૧] અર્થાત્ સંસ્કૃતિઓ મૂલતઃ એક જ છે અનેક નથી.

સંસ્કૃતિઓ નદી જેવી છે. બધી નદીઓનું ગંતવ્ય મહાસાગર છે. એ જ રીતે બધી સંસ્કૃતિઓનું ગંતવ્ય પણ વિશ્વકલ્યાણ જ છે. આ વાત સતત યાદ રાખતી વખતે એ તથ્ય નહીં ભૂલવું જોઇએ કે પ્રત્યેક નદીનું સંગમસ્થાન જુદું છે. તે તેનાં ઉદ્ભવ, ભૂતલ અને ગતિ પર નિર્ભર છે. તેને લીધે નદીની વ્યક્તિગત ઓળખ જુદી છે, જેમ ગંગા, યમુના, બ્રહ્મપુત્ર. સંસ્કૃતિની પણ એવી જ સ્થિતિ છે. જલપ્રવાહ તરીકે નદીઓ વચ્ચે ભેદ નથી તો પણ કુદરતી રીતે નામકરણ અનિવાર્ય હોય છે. ધર્મરક્ષક અવતાર તરીકે રામ અને કૃષ્ણ એક છે, છતાં યુગ અને યુગની આવશ્યકતા પ્રમાણે જુદા છે. રામ રામ છે અને કૃષ્ણ કૃષ્ણ. એ જ રીતે મૂળભૂત રીતે સંસ્કૃતિઓ અભિન્ન હોવા છતાં પણ લૌકિક વ્યવહારમાં જુદી જુદી છે. આ સંદર્ભમાં હિંદુ સંસ્કૃતિ અને અન્ય સંસ્કૃતિઓ અલગ માનવામાં આવે છે. આ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખવાથી જ સંસ્કૃતિઓની યોગ્ય સંકલ્પના શક્ય બનશે. તે માટે વિભક્તમાં અવિભક્ત જોવાનો ભાવાત્મક દૃષ્ટિકોણ આપણને ભગવત્ગીતામાંથી પ્રાપ્ત થાય છે.

વાસ્તવમાં આપણા દૃષ્ટાઓ અનુસાર પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એવું વર્ગીકરણ નિરર્થક છે. જૂની લોકકથા યાદ આવે છે. બે તપસ્વીઓ

## પુનરુત્થાન વિદ્યાપીઠ દ્વારા આયોજિત

## જ્ઞાનસાધના વર્ગ-૩

પનરુત્થાન વિદ્યાપીઠ દ્વારા જ્ઞાનસાધના વર્ગ-૩નું આયોજન પુનરુત્થાન વિદ્યાપીઠના અમદાવાદ કાર્યાલયમાં કરવામાં આવ્યું હતું. આ વર્ગ ૭ દિવસનો હતો. આ વર્ગ ફાગણ વદ ચોથથી અગીયાસ એટલે તા. ૨૫-૩-૨૦૧૯થી ૩૧-૩-૨૦૧૯ તારીખમાં થયો હતો.



આ વર્ગમાં ૧૩ પ્રતિભાગીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ડોમ્બીવલીથી શરદ ધર્માધિકારી, દીલીપ કેલકર, પ્રકાશ કરમરકર, દીપક કુલકર્ણી, ઔરંગાબાદથી વૃન્દા દેશપાંડે, વર્ષા દેશપાંડે, પુણેથી વિનયા પુંડે, ચિત્રા મોહરીર, અજીત જગતાપ, લક્ષ્મણ મોહરીર, જેસલમેરથી બ્રજમોહન રામદેવ અને રાજકોટથી પરાગભાઈ બાબરીયા ઉપસ્થિત રહ્યાં હતાં. આ વર્ગમાં માર્ગદર્શન માટે, શ્રી ઇન્દુમતિજી કાટદરે, માનનીય શ્રીકાંત કાટદરે, લક્ષ્મણ મોહરીર, વ્રજમોહન રામદેવ અને દીલીપ કેલકર ઉપસ્થિત રહ્યા હતાં. આ વર્ગ ચાર પાસાઓમાં વિભાજિત થયો હતો. જેમાં ભારતીય જ્ઞાનધારા, ભારતીય શિક્ષા, ભારતીય જીવનદષ્ટિ, વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ભારતની ભૂમિકાનો સમાવેશ થાય છે. આ વર્ગમાં દરેક પ્રતિભાગીઓએ અલગ અલગ સત્રોમાં વિષય પ્રસ્તુતી કરી હતી.

વર્ગનો સમય સવારે ૭ થી રાત્રે ૯ સુધીનો હતો. આ વર્ગનું કાર્યવિભાજન આ પ્રમાણે હતું.

| | | |
|---|---|---|
| એકાત્મતા સ્તોત્ર, અગ્નિહોત્ર | - | વિનયાજી પુંડે |
| સૂત્રસંચાલન અને સૂચના | - | લક્ષ્મણજી મોહરીર |
| યાતાયાત | - | પરાગભાઈ બાબરીયા |
| નિવાસ | - | વર્ષાજી દેશપાંડે |
| ભોજન વિભાગ કાર્યસેવા | - | ચિત્રાજી મોહરીર |
| પરિવેશન દાયિત્વ | - | વૃન્દાજી દેશપાંડે |

આ વર્ગ સૌ પ્રતિભાગીઓ માટે જ્ઞાનવર્ધક રહ્યો હતો. વિષય પ્રતિપાદનનો અનુભવ, ભારતીય જ્ઞાનધારા-ઉપનિષદનો બોધ અને પુનરુત્થાનના ઉદ્દેશપૂર્તિ માટેનું જરૂરી માર્ગદર્શન મળ્યું. આ વર્ગમાં કાર્યસેવા રૂપે ભારતીય શિક્ષણ ગ્રંથમાળા, ચિતિ અંક, કુટુંબ શિક્ષા ગ્રંથ, ભારતીય સંસ્કૃતિ વાચનમાળા, ધર્મપાલજીના પુસ્તકોમાંથી વિવિધ ગ્રંથ, પુસ્તિકા અને લેખ માટેના વિષયોની સૂચી તૈયાર થઈ.

## પુનરુત્થાન વિદ્યાપીઠનું અભિનવ આયોજન

દેશના યુવાનોએ દેશ માટે કંઈક કરવું જોઈએ. ભારત યુવાનોનો દેશ છે. એટલા માટે જ યુવાનો પાસે અપેક્ષા રાખે છે. દેશના શિક્ષિત, બુદ્ધિમાન, સંસ્કારવાન, કર્તૃત્વવાન યુવાનો માટે પુનરુત્થાન વિદ્યાપીઠ દ્વારા મે માસના અંતમાં એક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમણે આ શિબિરમાં સહભાગી બનવાની આકાંક્ષા હોય તેમના માટે શિબિરની માહિતી પ્રસ્તુત છે.

શિબિરનું નામ : રાષ્ટ્ર સર્વોપરિ

સ્થાન : શ્રી સરસ્વતી શિશુ મંદિર, શનાળા રોડ, મોરબી

સમય : દિ. ૧ જૂન થી ૫ જૂન ૨૦૧૯

દિ. ૧ જૂન સવારે ૫ વાગે સ્થાન પર પહોંચી જવું. અને પાછા આવવા માટે ૫ જૂન સાંજે ૬ વાગે પછીનું આરક્ષણ કરવું ઉચિત રહેશે.

વય મર્યાદા : ૩૫ વર્ષ

ઉપસ્થિતિ : ૫૦

વિષય : ૧. ભારત ને જાણો, ૨. વિશ્વની વર્તમાન સ્થિતિ , ૩. ભારત ની વર્તમાન સ્થિતિ, ૪. ભારત અને વિશ્વના સંકટોના નિવારણ માટે યુવાનોની ભૂમિકા

વિષયોના માર્ગદર્શન માટે દેશના શ્રેષ્ઠ વિદ્વાનો ઉપસ્થિત રહેશે. ઉત્તમ સામગ્રી પણ પ્રાપ્ત થશે. શિક્ષા, નિવાસ, ભોજન વગેરે નિઃશુલ્ક રહેશે. અનુશાસન, વિનય, પ્રામાણિકતા અને સમજદારી શિબિરમાં પ્રવેશ માટે અનિવાર્ય રહેશે.

જો તમે આમાં સહભાગી બનવા ઇચ્છો છો તો પંજીકરણ કરવું અનિવાર્ય છે. ૧૦ મે, ૨૦૧૯ પહેલાં નીચે દર્શાવેલ લીન્ક પર પંજીકરણ અવશ્ય કરવું. https://goo.gl/cJs3FV

અન્ય કોઈ માહિતી અથવા માર્ગદર્શન માટે સંપર્ક :

પરાગભાઈ બાબરિયા : ૯૪૨૭૨૩૭૭૧૯ પર અથવા info@punarutthan.org પર સંપર્ક કરવો.

## કુટુંબ શિક્ષણ કાર્યશાળા : વૃત્ત

સંપૂર્ણ વિશ્વમાં કુટુંબ વ્યવસ્થા એ ભારતની વિશેષતા છે. વ્યષ્ટિથી લઈને સમષ્ટિ સુધીનું ઘડતર કુટુંબમાંજ સંભવ છે. પરંતુ આજે શિક્ષણનો અભાવ અને અજ્ઞાનતા તથા વિપરીત શિક્ષણને કારણે કુટુંબ શિક્ષણનું સમગ્રતામાં અધ્યયન કરવું જરૂરી બની ગયું છે. એટલે સંસ્કાર પુનરુત્થાન મંચ દ્વારા થાણે જિલ્લાના ભિવંડી લોઢાધામમાં ૧૫ થી ૧૭ માર્ચ એમ ત્રણ દિવસની નિવાસી કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

એ કાર્યશાળામાં મનુષ્ય જીવનની ગર્ભાવસ્થા, શિશુઅવસ્થા, બાલ અવસ્થા, કિશોર અવસ્થા, યુવા કે તરુણ અવસ્થા, પ્રૌઢાવસ્થા તથા વૃદ્ધાવસ્થા એમ સાત મહત્ત્વપૂર્ણ અવસ્થાઓનું વય અનુસાર વિભાજન, એનાં મુખ્ય લક્ષણો, એની ક્ષમતાઓ તથા વિકાસની દિશા વગેરે મુદ્દાઓ

લઈને એની તાત્વિક અને વ્યાવહારિક ચર્ચા તથા વિશ્લેષણ કરવામાં આવ્યાં. એ સાથે જ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ તથા સંન્યસ્તાશ્રમ એ ચાર આશ્રમોનાં મહત્ત્વનાં લક્ષણો તથા જવાબદારીઓનો જીવનની અવસ્થાઓ સાથે સુંદર મેળ બેસાડવામાં આવ્યો.

**'अनायासेन मरणम् विना दैन्येन जीवनम्'** સાધ્ય કરવા માટે મનુષ્ય જીવનની સાચી પદ્ધતિ અને માર્ગ આ કાર્યશાળામાં સમજી શકાયાં. બધા જ વિષયો પુનરુત્થાન વિદ્યાપીઠના કુલપતિ મા. સુશ્રી ઇંદુમતિબહેને પોતાની વિદ્વત્તાપૂર્ણ અને પ્રવાહી ભાષામાં પ્રસ્તુત કર્યા.

સવારે હવન, પછી વિષય પ્રસ્તુતિ અને પછી પ્રશ્નોત્તરી એવો ત્રણ દિવસનો કાર્યક્રમ રહ્યો. કાર્યશાળામાં ૨૬ લોકોની ઉપસ્થિતિ હતી, જેમાં યુવાનોની સંખ્યા વધુ હતી. ઉપસ્થિત બધા લોકોએ આ વિચાર પોતાના જીવનમાં ઉતારવાનો તથા અન્ય લોકોને એ વિશે જાગ્રત કરવાનો સંકલ્પ કર્યો. કાર્યશાળાનું ઉદ્‌ઘાટન શ્રી પવનજી અગ્રવાલે કર્યું. સમાપન સત્રમાં સમાજના અન્ય લોકો પણ ઉપસ્થિત હતા. પુનરુત્થાન વિદ્યાપીઠની આચાર્ય પરિષદના સભ્ય શ્રી શૈલેશજી ભિંડે આ કાર્યશાળાના સંયોજક હતા.

## પ્રજ્ઞા પ્રવાહ

**લે. મુરલી મનોહર જોષી**
**અનુ. : સુધા કરંજગાવકર**

**(ગતાંકથી આગળ)**

અઘરામાં અઘરા વિષયને સરળ શબ્દોમાં, તથા જટિલમાં જટિલ વિચારને એવી સહજ રીતે સમજાવી દેતા હતા કે સામાન્ય વ્યક્તિ પણ એ સારી રીતે સમજી શકતી હતી. મોટામાં મોટા અધિવેશનમાં, આઠથી દસ હજાર કાર્યકર્તાઓના સમૂહમાં ગૂંચવાયેલા વિષયને પણ જ્યાં દીનદયાળજીનો સ્પર્ષ થતો કે જાણી લો કે એ વિષય નિર્મળ થઈ ગયો, સ્ફટિકની જેમ સ્વચ્છ થઈ ગયો, એમાં કોઈ ગૂંચવણ ન રહી, કોઈ જટિલતા ન રહી. લોકો કહેવા લાગતા, અરે, આ તો સાવ સરળ વાત છે. આટલી સાદી વાત આપણે પહેલા કેમ સમજી શક્યા નહીં. મને લાગે છે કે આ ત્યારે જ શક્ય બને જ્યારે વ્યક્તિ એ વિચારની સાથે અત્યંત ગાઢ તાદાત્મ્ય સાધી લે છે. જ્યારે એની અને વિચારની વચ્ચે કોઈ અંતર નથી રહેતું ત્યારે તે એ તાત્ત્વિક મીમાંસાનાં પ્રત્યેક પાસાને, એની પ્રત્યેક બાજુને ઘણી સરળતાથી સૌની સમક્ષ સ્પષ્ટ કરી શકે છે.

દીનદયાળજી પાર્થિવ રીતે ભલે ચાલી ગયા છે, પરંતુ વિચાર સ્વરૂપે તેઓ અમર છે. સામાન્ય રીતે લોકો એમ માને છે કે દીનદયાળજીએ કોઈ રાજકીય પક્ષ માટે એક વિચારધારા આપી. હું એમ માનું છું કે આ મૂલ્યાંકન એમને અત્યંત ઉપલક રીતે જોવા જેવું થશે. ભારતીય જનસંઘના પ્રારંભમાં જ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ કહ્યું હતું, જો મને બે દીનદયાળ મળી જાય તો હું આખા રાજકીય રંગમંચનો તખ્તો બદલી નાખું. એવી હતી એમની કર્મસાધના. પંડિતજીનું કર્તૃત્વ ઘણું વિશાળ હતું, પરંતુ એથી પણ વધુ વ્યાપક હતું એમનું જીવનદર્શન. એકાત્મ માનવવાદ સ્વરૂપે એક સમગ્ર જીવનદર્શન એ દીનદયાળજી તરફથી વિશ્વને મળેલી એક અદ્‌ભુત ભેટ છે.

એકાત્મ માનવવાદ કોઈ એક નારા તરીકે વિકસિત કરવામાં આવ્યો નહોતો. એ કોઈ એવો નારો નહોતો કે ધન અને ધરતી વહેંચાઈને જ રહેશે. અથવા કમાનારો ખાશે, એ પ્રકારની કોઈ વાત નથી. એ સંપૂર્ણ માનવસમાજનું એકાત્મ સ્વરૂપે દર્શન કરવાનો એક અભિનવ પ્રયાસ છે.

માનવ સમાજ શું છે ? શું એ મનુષ્યોનો સમૂહ માત્ર છે ?થોડી વ્યક્તિઓની કેવળ ભીડ છે ?ભાગ્યયોગે થોડા લોકો ટ્રેનના ડબ્બામાં કે હોટેલમાં કે બજારમાં સાથે થઈ ગયા તો શું એવા મનુષ્યોના એકત્રીકરણને સમાજ કહી શકાશે? કે સમાજની કોઈ નિશ્ચિત ઓળખ પણ હોવી આવશ્યક છે? દીનદયાળજીએ એમ જણાવ્યું કે મનુષ્ય સમાજ એક સાવયવ જીવમાન તત્ત્વ છે, એને તમે કેવળ જડમાં જોઈ શકતા નથી. જે રીતે આપણે માનવ શરીરને એક જીવમાન સ્વરૂપે જોઈએ છીએ, સાવયવ સ્વરૂપે જોઈએ છીએ, એ રીતે માનવ સમાજને પણ એ જ સ્વરૂપે જોવો જોઈએ. એ કેટલી વિચિત્ર વાત છે કે જો આપણે કોઈને પૂછીએ કે શું તમે સમાજવાદી છો અને એ જવાબ આપે ના તો તરત એમ માની લેવામાં આવશે કે એ મૂડીવાદી છે. અને જો કોઈ મૂડીવાદી હોવાની ના પાડે તો એમ માની લેવાશે કે એ સમાજવાદી છે. પ્રશ્ન એ છે કે શું એ બે સિવાય અન્ય વિકલ્પ ન હોઈ શકે ?એકાત્મ માનવવાદ માનવ સમાજને કેવળ બે ધ્રુવો વચ્ચે અથવા બે વિચારધારાઓ વચ્ચે વહેંચી દેવાનો સમર્થક નથી. સંપૂર્ણ સમાજને એક અલગ દ્રષ્ટિએ જોવાને કારણે એકાત્મ માનવવાદ સમાજ રચનાનું એક અત્યંત ગતિશીલ પ્રતિમાન(મૉડેલ) પ્રસ્તુત કરે છે.

વાસ્તવમાં થયું એમ કે બહુ પહેલાં આપણા દેશના મૂર્ધન્ય નેતાઓનો સંપર્ક યુરોપીય રાજકીય આંદોલનો સાથે થયો. ઐતિહાસિક કારણોસર એ રાજકીય આંદોલનો બે સ્વરૂપે વિકસિત થયાં હતાં. ફ્રાંસની રાજ્યક્રાંતિ પછી સંપૂર્ણ પશ્ચિમી વિશ્વમાં જે સમતા, સ્વતંત્રતા અને બંધુતા ના વિચારો શરૂ થયા, એમાં સ્વતંત્રતા પર ભાર મૂકવાને કારણે લોકતંત્ર અને પછી કેવળ સ્વતંત્રતા વિશે જ વધુ આગ્રહને પરિણામે આર્થિક ક્ષેત્રમાં શોષણની પણ સ્વતંત્રતાને માન્ય કરનારા મૂડીવાદનો વિકાસ થઈ ગયો. સમાજનું એવું પ્રતિમાન (મૉડેલ) વિકસિત થઈ ગયું, જેમાં સમતા કે બંધુતાને સાવ નકારવામાં આવી અને કેવળ સ્વતંત્રતાને

નામે અબાધિત, અમર્યાદિત, ઉચ્છૃંખલ સ્વતંત્રતાનો જન્મ થયો. એ પ્રતિમાન આજે પણ વિશ્વના ઘણા દેશોમાં છે.

બીજી તરફ કેવળ સમતા પર વધુ ભાર મૂકવાથી સ્વતંત્રતા અને બંધુતા નજર સામેથી દૂર કરી દેવાયાં. અને પછી સમતામાંથી સમાન વિતરણ, ઉત્પાદન પ્રણાલી પર શાસકીય એકાધિકાર અને છેવટે રાજકીય તાનાશાહીનો જન્મ થઈ ગયો. પરંતુ એ બન્નેએ બંધુતાનાં તત્ત્વને પૂરેપૂરું અદ્રશ્ય કરી દીધું એટલે સંપૂર્ણ પશ્ચાત્ય વિશ્વમાં મુખ્ય સ્વરૂપે કેવળ બે જ વિચારધારાઓ પુષ્ટ થઈ શકી જેને પરિણામે એક તરફ લોકતંત્રવાદી મૂડીવાદી અને બીજી તરફ સમાજવાદી તાનાશાહી સમાજ રચનાઓ વિકસિત થતી ગઈ.

દીનદયાળજીના મતાનુસાર એ બન્નેથી અલગ એક એવો વિકલ્પ પણ હોઈ શકે છે જે વ્યક્તિઓને કેવળ રાજનૈતિક અથવા કેવળ આર્થિક પ્રાણી માનવાને બદલે તેમ જ સમાજને કોઈ વિશેષ ઉત્પાદન પ્રણાલીનું સમર્થન કરતા રહેનારો જનસમૂહ ન માનતા, એને એક જીવમાન સંકલ્પના તરીકે ગ્રહણ કરે છે. એટલે એમણે વ્યષ્ટિ અને સમષ્ટિ વચ્ચે જે સંબંધ હોવો જોઈએ એને ભારતીય પૃષ્ઠભૂમિમાં પરિભાષિત કરવાનો પ્રયત્ન કર્યો. વ્યક્તિ શું છે ? જો પશ્ચિમના વિચારકોને એ પ્રશ્ન પૂછવામાં આવે તો એમને ત્યાં વખતોવખત વ્યક્તિની અલગ અલગ પરિભાષા કરવામાં આવી છે. કોઈએ કહ્યું કે વ્યક્તિ તો માત્ર શરીર છે અને એટલે એ શારીરિક એષણાઓનો ઢગલો છે. જો તમે કોઈ પણ પ્રકારે એ એષણાઓનું સમાધાન કરી દો તો વ્યક્તિ સુખી થઈ જાય છે. અને સમાજ શું છે? તો જવાબ મળશે કે એ વિભિન્ન વ્યક્તિઓ વચ્ચેની પોતાની શારીરિક એષણાઓને પૂરી કરવા માટેની સમજૂતિ માત્ર છે. એકત્ર આવવું, હળવુંમળવું અને એ પછી એક વિશેષ આર્થિક પ્રણાલીનું જન્મ લેવું- એ જ બસ સમાજ જીવન છે. એની આગળ છે જ શું ? સ્પષ્ટ છે કે એ સમાજ વ્યવસ્થાનું એકાંગી પ્રતિમાન છે. ક્યાંક વિચારકોએ એમ કહ્યું કે વ્યક્તિ કેવળ એક ધાર્મિક અસ્તિત્વ છે, જે ધાર્મિક વિચારોથી અનુપ્રાણિત થાય છે. શક્ય છે કે એના લીધે થોડેઘણે અંશેરૂઢિચુસ્તતાનો, ધાર્મિક અંધવિશ્વાસોનો, મતાંધતાનો એક વિશેષ દુરાગ્રહ ઊભો થયો અને એણે પણ વિશ્વમાં વિનાશ વેર્યો. કોઈએ કહ્યું કે ના, એમ નહીં, વ્યક્તિતો રાજકીય અસ્તિત્વ છે. એની કેટલીક વિશિષ્ટ રાજકીય આકાંક્ષાઓ છે. એમની પૂર્તિ માટે જ વિભિન્ન સમાજોનો ઉદય થાય છે વગેરે વગેરે અને સામ્રાજ્યવાદ એમાંથી જ પેદા થાય છે.

અલગ અલગ પ્રકારે વ્યક્તિ ને પરિભાષિત કરવાને કારણે એની કોઈ એકાંગી પ્રવૃત્તિને જ સમગ્ર વ્યક્તિ માની લેવાને કારણે અનેક પ્રકારના વિચારો જોવા મળે છે. ફ્રોઈડે પણ એક રીતે વ્યક્તિને સમક્ષ રાખી, એણે માનવીની મોટાભાગની ક્રિયાઓ અને કાર્યોનો ઉદ્‌ગમ એની ગ્રંથિઓ સાથે જોડ્યો અને કહ્યું કે વ્યક્તિમાં જે વાસનાઓ છે એમનાથી જ એ અનુપ્રાણિત થાય છે. અને એ જ એને પ્રેરિત કરે છે. એની જે પણ ભાવનાઓ છે, એની અંદર જે પણ પ્રેરણા છે, એ બધાંનો ઉદ્‌ગમ વ્યક્તિના યૌન વ્યવહાર પર આધારિત છે. ફ્રાઈડે વ્યક્તિના એ સ્વરૂપ પર જ ભાર મૂક્યો.

ક્યાંક ક્યાંક વ્યક્તિને એક આર્થિક પ્રાણી જ સમજી લેવામાં આવી. ત્યારે વ્યક્તિ અને સમાજનો પરસ્પર સંબંધ ઉત્પાદન પ્રણાલીના આધાર પર જ સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આમ, અનેક રીતે વ્યક્તિને પરિભાષિત કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા અને એની પર આધારિત અનેક રાજકીય- આર્થિક તત્ત્વજ્ઞાન પ્રસ્તુત કરવાના પ્રયાસો થયા. પરંતુ એ બધા અધૂરા છે. હવે જે રીતે પશ્ચિમમાં જીવનદર્શન પેદાં થયાં છે, જે રીતે એક સંસ્કૃતિનો જન્મ ત્યાં થયો છે તો શું એ એક માત્ર સંસ્કૃતિ છે જે માનવજીવન માટે કલ્યાણકારી છે, અથવા એના કોઈ અન્ય વિકલ્પ હોઈ શકે છે? દીનદયાળજીએ વૈજ્ઞાનિક તેમ જ ધાર્મિક આધાર પર એક વિકલ્પ આપણી સામે પ્રસ્તુત કર્યો. એ વિકલ્પના વિચારના પ્રત્યેક પાસાને તેઓ પોતાની ભાષામાં, પોતાની વાણીમાં, પોતાની રીતે લોકપ્રિય બનાવી શક્યા હોત એ પહેલા જ કાળના ક્રૂર પ્રહારથી કસમયે જ તેઓ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા. આજે આવશ્યકતા છે કે આપણે એ એકાત્મા માનવવાદનાં તમામ પાસાંઓ વિશે વિચાર કરીએ, એને વિશે ગહન ચિંતન કરીએ અને એ જોઈએ કે કઈ રીતે એ આધુનિક પરિપ્રેક્ષ્યમાં એક જીવંત દર્શન તરીકે માનવીય સમસ્યાઓનું નિરાકરણ કરી શકે છે.

એકાત્મ માનવવાદ અનુસાર, વ્યક્તિ કેવળ શરીર નથી. ભારતીય વિચારકોના તારતમ્ય અનુસાર વ્યક્તિ શરીર, મન, બુદ્ધિ અને આત્માનો સમુચ્ચય છે. કારણ કે અનેક વ્યક્તિઓ મળીને સમષ્ટિ બને છે. એટલે એમાં પણ એ તત્ત્વોનું કોઈને કોઈ રીતે દર્શન થવું જોઈએ. એટલે સમષ્ટિ માટે પણ દેશ, લોકો, સંસ્કૃતિ અને ચિતિની આવશ્યકતા છે. વ્યષ્ટિ સમષ્ટિ સંબંધોની એ વ્યાખ્યામાં ચિતિને યોગ્ય રીતે સમજી લેવી આવશ્યક છે.

સમાજ રચનાના સંદર્ભમાં દીનદયાળજીની ચિતિની અવધારણા એક શ્રેષ્ઠ યોગદાન છે. સ્થૂળરૂપે કહીએ તો જેમ વ્યક્તિનો એક આત્મા છે, એ જ રીતે સમાજનો પણ એક આત્મા છે, એની અંદર પણ ચૈતન્ય ભાવ છે અને એ ચિતિનું પ્રકટીકરણ, એનો સમ્યક રીતે અનુભવ જ કોઈ સમાજને સ્વસ્થ અને ગતિમાન બનાવે છે. એ ચિતિ જ એનું વિરાટ રૂપ પ્રદર્શિત કરે છે, એજ સમાજને યોગ્ય રીતે સંચાલિત કરે છે. એની આંચને બરાબર નિયંત્રિત કરે છે અને સમાજને સમાજ તરીકે પોતાની સ્થિતિ જાળવી રાખવા માટે સક્ષમ બનાવે છે. જે રીતે આત્મા એક ભાવાત્મક અનુભવ છે એ જ રીતે ચિતિ એક ભાવાત્મક અનુભવ છે.

(અનુ. પાન ૮ પર)

# પરિવાર ગોષ્ઠિ

**ઇન્દુમતિ કાટદરે**

## સ્વદેશી વિચાર : સર્વનું કલ્યાણ

...કર્ણાવતીમાં એક અંબિકા મિલ છે. મહાનગરપાલિકાની બસ એ માર્ગે જાય ત્યારે અંબિકાનગર નામનું બસ-સ્ટેન્ડ આવે છે. ત્યાં અંબિકા મિલમાં કામ કરતા કામદારો ઊતરે છે. તેઓ કહેતા હોય છે... ચાલો ઉતરો, અમેરિકા આવ્યું... ખરેખરું તો અમેરિકા જવાય એમ નથી એટલે અંબિકાનગરને અમેરિકા કહીને માનસિક સુખ અને સંતોષ વ્યક્ત કરવાનો !

...સાડીનું એક પોત અમેરિકન જ્યોર્જેટ કહેવાય છે. નથી એ ખરેખર અમેરિકામાં બન્યું, કે નથી એ જ્યોર્જેટ. ગુણવત્તાની દૃષ્ટિએ જોઈએ તો એ સામાન્ય અને સસ્તું પોત છે, છતાં અમેરિકન શબ્દ લગાડીને કશું મોઘું, મૂલ્યવાન પહેરવાનો માનસિક સંતોષ પ્રાપ્ત કરવાનો !

...સાસરું અથવા સગાંવહાલાં અમેરિકા અથવા અન્ય કોઈ વિદેશમાં રહે છે તે કેવો મોટો ગૌરવનો વિષય ગણાય !

...મને ગુજરાતી બરાબર નથી ફાવતું, હિન્દીનો મહાવરો નહીં ને એટલે બોલતાં ન ફાવે એમ કહેવામાં શરમ ન આવે, પરંતુ મને અંગ્રેજી બોલતાં ન આવડે એમ કહેવામાં ભલભલા મહારથીઓને શરમ લાગે ! અંગ્રેજી આવડે છે, અંગ્રેજી ઉપર પ્રભુત્વ છે એમ કહેવામાં ગમે તેવા સ્વદેશી પરસ્ત લોકો પણ પ્રગટ કે પ્રચ્છન્ન ગૌરવ અનુભવે છે !

...ફેશનમાં ન સમજનારા, ગ્રામ્ય રીતભાતવાળા લોકોને 'દેશી બલૂન' કહેવાય !

...કોઈ યુરોપિયન - ભલે ને અર્ધનગ્ન હોય - દેખાય એટલે મોં વકાસીને તેની પાછળ જોવાનું ! તેની સાથે આવડે, ન આવડે તોયે વાત કરવાનો પ્રયત્ન કરવાનો !

...કપડાંની ને ચીજવસ્તુઓની પસંદગીમાં 'ઈંગ્લીશ કલર'ની પસંદગી એટલે અભિજાત રુચિ અને લાલ, પીળા, જાંબલી એવા વિવિધ ભારતીય રુચિવાળાં રંગસંયોજનોની પસંદગી એટલે ગામડાયિ રુચિ ! હકીકતમાં પશ્ચિમના રંગ સંયોજનો પણ બીજા કયા રંગોમાંથી બને છે ?

... જમતી વખતે નીચે બેસીને, પલાંઠી વાળીને હાથેથી જમનાર કરતાંછરી, કાંટા, ચમચીથી ડાઈનીંગ ટેબલે બેસીને અથવા ઊભા ઊભા જમનાર 'હાઈ સોસાયટી'ના લોકો કહેવાય !

... નીચે બેસીને ભણવું એ ગરીબીની નિશાની ગણાય, ટેબલખુરશી અને બેન્ચ અને ડેસ્ક લઈને ભણવું એ આવશ્યક ગણાય !

...સવારે ઊઠીને દાતણ કરનાર ગામડિયો ગણાય, બ્રશ, પેસ્ટ અને ઊલિયું વાપરનાર અભિજાત ગણાય !

...વાસણ સાફ કરા માટે રાખ વાપરનાર પછાત ગણાય, બજારમાં મળતો પાવડર વાપરનાર અભિજાત ગણાય !

...ભાખરીનો નાસ્તો કરનાર પછાત ગણાય, બ્રેડ, પેસ્ટ્રી, બિસ્કિટ ખાનાર સુધરેલા અને સમૃદ્ધ ગણાય !

...કોઈના મરણ પ્રસંગે અથવા આશ્રમમાં કે કથાશ્રવણ પ્રસંગે અથવા કાર્યકર્તા તરીકે જવાનું હોય ત્યારે તો ઝભ્ભો-લેંઘો અથવા ધોતિયું પહેરીએ તો ચાલે, પરંતુ ઓફિસમાં, પાર્ટીમાં, લગ્નમાં અથવા જ્યાં વટ પાડવાનો હોય ત્યાં, અથવા બધા સૂટબૂટ પહેરીને આવતા હોય ત્યાં શર્ટપેન્ટ અથવા કોટપેન્ટ બૂટ પહેર્યા વગર ન જ ચાલે ! વટ ન પડે !

...ઘરમાં પ્લાસ્ટિક, એક્રિલીક, પોલીફાઈબર, સિન્થેટીક રંગો, વોલપેપર્સ, સીમેન્ટ-ક્રોંક્રિટની બાંધણી - આ બધું ક્યાંથી આયું ? શા માટે આયું ?

...ઘરના બગીચામાં વિલાયતી ગુલાબ, લીલી, ક્રોટન્સ, બોગન વેલ, વિલાયતી મેંદી વગેરે ક્યાંથી આવ્યાં ? રેલવે સ્ટેશનો ઉપર થર્મોકોલ અને પ્લાસ્ટિકના કપ ક્યાંથી આવ્યા ?

...ઘરની બાંધણીનું મોડેલ ભારતીય હાવામાનને અનુકૂળ ન હોવા છતાં અત્યારે છે એવું ક્યાંથી થઈ ગયું ? પહેરવેશ અસ્વાસ્થ્યકર કેવી રીતે થઈ ગયો ? ખાનપાન અસ્વાસ્થ્યકર કેવી રીતે થઈ ગયું ?

...ક્રિકેટની રમત પાછળ પાગલ થઈ જવાની મનઃસ્થિતિ કઈ રીતે નિર્માણ થઈ ?

...દેશી ઓસડિયાં પ્રત્યે શ્રદ્ધાભાવ નહીં, - પણ વિલાયતી દવાઓ એટલે જાણે રામબાણ ઔષધો !

આ સૂચિને તો કંઈ કેટલીય લંબાવી શકાય.

આ બધું શું છે ? વિદેશીની વિષવેલ એટલી વ્યાપક રીતે પ્રસરી ગઈ છે અને એટલા ઊંડા એના મૂળ બંધાયાં છે કે આપણા ધ્યાનમાં જ નથી આવતું કે આપણા નાનામાં નાના વ્યવહારો, સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચારો અને વલણોમાં, પ્રતિભાવો અને અભિગમોમાં આપણે વિદેશી જીવનવિચારનું અનુસરણ કરીએ છીએ. ઉપર પ્રસ્તુત કર્યા છે તેવાં ઉદાહરણો અત્ર સત્ર સર્વત્ર જોવા મળે છે. આપણા બધાની જીવનચર્યામાં જોવા મળે છે. આપણે એને એટલી હદે સ્વીકારી લીધી છે કે તે આપણા સ્વભાનું એક અંગ બની ગઈ છે. એવું ય બને કે આ બધું વિદેશી મૂળનું છે, ગુલામીની માનસિકતાનું પરિણામ છે એવું કહેનાર ઉપર આપણે ગુસ્સે થઈએ, એનો બચાવ કરવા માટે અનેક દલીલો કરીએ. આપણી બુદ્ધિ શક્તિનો ઉપયોગ એનો બચાવ કરવા માટે કરીએ. આપણામાંના બૌદ્ધિકો તો આ બધાનો બચાવ કરવા માટે વૈશ્વિક નાગરિકતાની ઊંચી વાત કરશે. આપણું જ સારું એવું માનવું એ તો કૂપમંડૂકતા થઈ એમ કહેશે. સારું તો દુનિયાભરમાંથી લેવું જોઈએ એમ કહેશે, વિશાળ દૃષ્ટિકોણ અપનાવાનો ઉપદેશ આપશે. જડ, રૂઢિવાદી, અઢારમી સદીના.... એવી તો કંઈક કેટલીય ગાળો આપશે ! (અઢારમી સદી તો યુરોપમાં અંધકારયુગ હતો, ભારતમાં નહીં. ભારતમાં તો ૧૭૫૭ના પ્લાસીના યુદ્ધથી સ્વાતંત્ર્ય સંગ્રામના શ્રી ગણેશ થયા હતા, પણ... અઢારમી સદીના... એ ગાળ પણ વિદશી જ !)

(ક્રમશઃ)

Publish on 10th Every Month
RNI No. GUJGUJ/2009/30613 GAMC-1737/2019-2021
ISSUED BY SSP VAILID UP TO 31-12-2021
PERMITTED TO POST AT AHD. PSO ON 10th EVERY MONTH

**પ્રજ્ઞાપ્રવાહ : પૃ. ૬ થી આગળ. . .**

એને જો તમે સ્થૂળ સ્વરૂપે પકડવા માગો, મુઠ્ઠીમાં બંધ કરવા માગો તો એ અસંભવ છે. પરંતુ આત્મા વિના મનુષ્યનો વિચાર કરવો એ ભારતવર્ષમાં તો અઘરું છે. એ જ રીતે સમાજની પણ ચિતિનો, એ ચૈતન્ય તત્ત્વનો, સમાજ સ્વરૂપે રહેવાની એ નૈસર્ગિક ઇચ્છાનો અનુભવ કરવો જ શક્ય બનશે, એને પકડીને કોઈ સ્થૂળ સ્વરૂપે દર્શાવવું મુશ્કેલ બની રહેશે. દીનદયાળજીનું એ વિશ્લેષણ હતું કે એ સામાજિક ચેતનાને, એ ચૈતન્યને જો સમાજમાં ટકાવી રાખવામાં ન આવે તો સમાજ પોતાની સંપૂર્ણ મૂળ શક્તિ ખોઈ બેસે છે. એટલે વ્યષ્ટિનો નૈસર્ગિક સંબંધ પરસ્પર સહયોગનો છે. વ્યક્તિના આત્મા અને સમાજની સામૂહિક ચેતનાનો સાક્ષાત્કાર જ સાચું જીવનદર્શન પ્રદાન કરશે.

ઘણીવાર અમે એમને પૂછતા હતા કે પંડિતજી, સંસ્કૃતિ શું હોય છે ?તેઓ અતિશય સરળ રીતે સમજાવી દેતા હતા કે, ભાઈ, જુઓ પ્રકૃતિ તો એકદમ સમજી શકાય એવી છે. મનુષ્યને ભૂખ લાગે છે એ એની પ્રકૃતિ છે. બીજાની સાથે વહેંચીને ખાવું જોઈએ. એ ભૂખ લાગનારી નૈસર્ગિક પ્રકૃતિનો માનવીય સમાજને સ્વસ્થ રાખવા માટે થએલો વિકાસ છે., એ જ સંસ્કૃતિ છે. બીજાનું ઝૂંટવીને ખાઈ જવું એ વિકૃતિ છે. જો વ્યક્તિ પોતાના આત્મા અને પરમાત્માનો અનુભવ કરતી હોય તો એ સંસ્કૃતિ તરફ સ્વાભાવિક રીતે જ આગળ વધે છે. એટલે જ પંડિતજી કહેતા હતા કે વ્યષ્ટિ અને સમષ્ટિનો સમ્યક્ સંબંધ હોવો જોઈએ. વ્યક્તિ જો સૂક્ષ્મ છે તો સમષ્ટિ વિરાટ છે. વ્યષ્ટિ જો બિંદુ છે તો સમષ્ટિ સાગર છે. શિક્ષણ વિશે તેઓ કહેતાં કે શિક્ષણ એ પ્રણાલી છે, એ પ્રક્રિયા છે, જેના વડે કોઈ પણ સમાજ પોતાના સભ્યોને પોતાને અનુરૂપ ઢાળ આપે છે. એટલે શિક્ષણ વ્યષ્ટિ તથા સમષ્ટિને જોડનારું મુખ્ય તત્ત્વ છે. શિક્ષણ એ પ્રક્રિયા છે જેના વડે સમષ્ટિ પોતાને પુનરુત્પાદિત કરે છે, પોતાને માટે યોગ્ય નાગરિક પેદા કરે છે. અને નાગરિક શિક્ષિત થઈને પોતાના સમાજ માટે ઉપયોગી બનવાનો પ્રયત્ન કરે છે. તથા આવશ્યકતા અનુસાર ઉત્તમ સમાજનું નિર્માણ કરે છે.

**(ક્રમશઃ)**

## સુભાષિત

**काकस्य गात्रं यदि कांचनस्य माणिक्यरागो यदि चंचुदेशे**
**एकैक्पक्षे ग्रथितं मणिनां तथापि काको न तु राजहंस ।।**

કાગડાના બધા અવયવો સોનાના હોય, એની ચાંચ પર માણેક જડેલું હોય, એની બન્ને પાંખો પર મણિ ગૂંથેલા હોય તો પણ કાગડો રાજહંસ બની શકતો નથી.

અર્થાત્ માણસ ઉચ્ચકોટિનો ત્યારે જ બની શકે છે જો એની અંદર મૂળભૂત રીતે સારા ગુણો હોય. અંદરથી દૂષણયુક્ત માણસ ઉપરથી અનેક આભૂષણો પહેરે કે સારો હોવાનો દેખાવ કરે તો પણ એ સારો બની શકતો નથી, જેમ કે ઉપર ઉપરની ભક્તિથી કોઈ સંત બની શકતું નથી કે હાકલા પડકારા કરવાથી કોઈ શૂરવીર બની શકતું નથી.

અંક દર માસની ૧૦મી તારીખે રવાના કરવામાં આવે છે. ૨૦ તારીખ સુધીમાં ન મળે તો પૂછપરછ કરશો. સિલકમાં હશે તો બીજો અંક મોકલવામાં આવશે.

**-: લવાજમના દર :-**

| | |
|---|---|
| વાર્ષિક .................... | ૩૦.૦૦ રૂા. |
| પંચવાર્ષિક ................ | ૧૨૫.૦૦ રૂા. |
| પંદર વર્ષ માટે ............ | ૩૦૦ રૂા. |
| શુભેચ્છક (કાયમી) ....... | ૧૦૦૦ રૂા. |
| છૂટક અંક .................. | ૩.૦૦ રૂા. |

આ માસિક આપને ઉપયોગી લાગ્યું હોય તો આપ લવાજમ મોકલશો. લવાજમ ધનાદેશ અથવા ચેક અથવા ખાતામાં જમા કરાવી શકશો. ખાતા નંબર કાર્યાલયમાંથી મેળવશો.

**સંરક્ષક**
**ડૉ. ભાનુભાઈ કિકાણી**

**તંત્રી**
**ઈન્દુમતિ કાટદરે**
**૦૯૪૨૮૮૨૬૭૩૧**

**વ્યવસ્થાપક**
**વિપુલભાઈ રાવલ**
**૦૯૯૭૯૦૯૯૧૪૨**

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | પુનરુત્થાન ટ્રસ્ટ |
| ચિત્રકાર | : | અજિત વાઘેલા |
| મુદ્રક | : | સાધના મુદ્રણાલય ટ્રસ્ટ |

**પ્રેષક :**
**પુનરુત્થાન ટ્રસ્ટ**
**'જ્ઞાનમ્' ૯/બી, આનંદ પાર્ક, બળિયાકાકા માર્ગ,**
**જૂનું ઢોર બજાર, કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૨૮.**
**દૂરભાષ : ૦૭૯-૨૫૩૨૨૬૫૫**
**ઈ-મેઈલ : indumatikatdare@gmail. com**
**વેબસાઇટ : www. punarutthan. org**

**મુદ્રણ સાહિત્ય**

**પ્રતિ,**

Printed and Published by **INDUMATI KATDARE** on behalf of **PUNARUTTHAN TRUST** and Printed at **Sadhana Mudranalaya Trust,** 55/14 City Mill Compound, Outside Raipur Darwaja, Ahmedabad-380 022 and published from 9/B, Anand Park, Baliyakaka Marg, Old Dhor Bazar, Kankaria, Ahmedabad-380 028
Editor : **INDUMATI KATDARE**